# પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજનો ચોવીસમો વાર્ષિકોત્સવ યોજાયો





ગાંધીનગર, તા. ૧૩

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની રજતજયંતીના ઉજવણી સંદર્ભે ચોવીસમો વાર્ષિક રસોત્સવ, પારિતોષિક વિતરણ અને બી.એ., એમ.એ.ની વિદ્યાર્થિનીનો શુભેચ્છા સમારોહ ગાંધીનગર મહાનગરપાલિકાના યુવા મેયર શ્રીમતી રીટાબેન પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

કાર્યક્રમના ઉદ્‌ઘાટક તરીકે મુખ્ય દાતાના પુત્ર અને જે.એમ. ચૌધરી ચેરિટેબલ ટ્રસ્ટના ફાઉન્ડર હિરેનભાઈ ચૌધરી તેમજ મુખ્ય મહેમાન તરીકે ગુજરાત યુનિવર્સિટી એકેડેમિક સ્ટાફ કોલેજના ડાયરેક્ટર ડૉ. જગદીશ એસ. જોશી ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું શાબ્દિક સ્વાગત કોલેજના પ્રિ. ડૉ. એમ.એમ. ચૌધરીએ કર્યુ હતુ. મેરિટમાં અગ્રતાક્રમે આવનાર, સાંસ્કૃતિક, રમતગમત અને ઈતર પ્રવૃત્તિઓમાં વિશિષ્ટ પ્રદાન કરનાર વિદ્યાર્થિનીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. તો સાથે સાથે પી.એચ.ડી. કરનાર અધ્યાપક અને નેટ પાસ કરનાર ગ્રંથપાલનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વિદ્યાર્થિનીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. જેમાં ગણેશવંદના, રાસ, ગરબા, ડાંગીનૃત્ય, રાજસ્થીની નૃત્ય, દેશભક્તિ નૃત્યુ, અંતાક્ષરી, ફ્યુઝન ડાન્સ રજૂ કર્યા હતા. આ પ્રસંગે અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, ઉપપ્રમુખ શંકરભાઈ ચૌધરી, રણછોડભાઈ ચૌધરી, સેંધાભાઈ ચૌધરી, મહામંત્રી માધુભાઈ ચૌધરી, સંસ્થાના આંતરિક ઓડિટર બાબુબાઈ ચૌધરી, કેમ્પસ ડાયરેક્ટર યશવંતભાઈ ચૌધરી અને કોલેજની જનરલ સેક્રેટરી કુ. રાઠોડ રાજવીબાએ ખાસ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંકલન ડૉ. ગીતાબેન ચૌધરી અને સહ સંકલન ડૉ. લીના સ્વાદિયા, પ્રા. મુન્નાબેન ચૌધરી અને ડૉ. ઉર્મિલાબેન ચૌધરીના સહયોગે કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. હિરલ પટેલ અને કુ. કૃપા પટેલે કર્યુ હતુ. તો કાર્યક્રમની રૂપરેખા અને આભારદર્શન સાંસ્કૃતિક સમિતિના કન્વીનર પ્રા. તારાબેન દેસાઈએ કર્યુ હતુ. સમગ્ર સ્ટાફ પરિવારના સહયોગે આ કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## હસુ યાજ્ઞિકના જન્મદિને ‘શબ્દ જ્યોતિ’ સાહિત્યસફર





ગાંધીનગર, તા. ૧૩

હસુ યાજ્ઞિકના ૮૩મા જન્મદિન પ્રસંગે ‘શબ્દ જ્યોતિ’ સાહિત્યસફર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે ડૉ. હસુ યાજ્ઞિકે પોતાનાં જીવન-કવન વિશેનું વક્તવ્ય આપ્યુ. વક્તવ્ય બાદ હસુ યાજ્ઞિક લિખિત ‘લોકકથા અર્થદર્શન અભ્યાસ’ પુસ્તકનું લોકાર્પણ હસુ યાજ્ઞિકની પૌત્રી પરિધિના વરદહસ્તે અને પ્રકાશક ગોપાલભાઈ પટેલ, મનુભાઈ શાહ, મનીષ પાઠક ‘શ્વેત’ની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. જન્મદિનની ઉજવણી પ્રસંગે સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓની હાજરીમાં કેક કાપવામાં આવી અને સૌએ સર્જકને શુભેચ્છાઓ આપી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક ‘શ્વેત’એ કર્યુ હતુ. આ પ્રસંગે સાહિત્યકારો ધીરૂ પરીખ, જોરાવરસિંહ જાદવ, સતીશ વ્યાસ, માધવ રામાનુજ, રતિલાલ બોરીસાગર, વિષ્ણુ પંડ્યા, રજનીકુમાર પંડ્યા, અજયસિંહ ચૌહાણ, મહેન્દ્રસિંહ પરમાર, અજય રાવલ, હર્ષદ ત્રિવેદી, અરવિંદ બારોટ, માસુંગ ચૌધરી, તરૂણ દંતાણી, મહેશ યાજ્ઞિક, ભગવાનદાસ પટેલ, વિજય પંડ્યા, એસ.એસ. રાહી, છાયા ત્રિવેદી, લાલુભા ચૌહાણ, બિંદુ ભટ્ટ અને મોટી સંખ્યામાં સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## હાર્મની મ્યુઝિક એકેડમીનો સંગીત ક્ષેત્રે નવો રેકોર્ડ




ગાંધીનગર, તા. ૧૨

હાર્મની મ્યુઝિક એકેડેમીના વિદ્યાર્થીઓએ ટ્રિનિટી કોલેજ લંડનથી સૌ પ્રથમવાર ગાંધીનગરમાં ઉત્તિર્ણ થયા છે અને ગાંધીનગરમાં સંગીત ક્ષેત્રે રેકોર્ડ બનાવ્યો છે.

ગાંધીનગરમાં છેલ્લા ૧૫ વર્ષથી હાર્મની સંગીત ક્લાસ ચાલી રહ્યા છે. હાર્મનીના ઓનર અને સર હેમંત સોનીની તાલીમ હેઠળ તેમના વિદ્યાર્થીઓને ટ્રીનીટી કોલેજ ઓફ લંડનના વેસ્ટર્ન મ્યુઝિક કોર્સની તૈયારી કરાવી હતી અને તેમાં સર્વે વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા છે. અને ઈન્ટરનેશનલ સર્ટિફિકેટથી સમ્માનિત કરવામાં આવ્યા છે. તેમાં સમર્થ પટેલ, અધીરજસિંગ, સોમિયાસિંગ, વેદાંત બસેર, અનુશ્રી મોહાપાત્રો, ક્રીથીક સિવાકુમારન, શ્રિસ્ટી, આસ્કા સોની, વિદિત સંગવી, વેદાંત બારોટ, સાઈનીલ સેતુરામન, પ્રજ્વલ પટેલ, ભરત પટેલ હતા. આ વિદ્યાર્થીઓએ ગાંધીનગરનું ગૌરવ વધાર્યુ છે.

## વૈદિક પરંપરામાં વિજ્ઞાન અને આધ્યાત્મિકતાનો અદભૂત સંગમ : ડૉ. શ્રૃતિ કીકાણી

### ગુજરાત સાયન્સ સિટી ખાતે ‘ઈન્ટરનેશનલ ડે ઓફ વુમન એન્ડ ગર્લ્સ ઈન સાયન્સ’ ઉજવાયો




ગાંધીનગર, તા.૧૨

ગુજરાત સાયન્સ સિટી ખાતે ઈન્ટરનેશનલ ડે ઓફ વુમન એન્ડ ગર્લ્સ ઈન સાયન્સની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડૉ. શ્રૃતિ કીકાણીના સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તેમણે વિદ્યાર્થીનીઓને સાયંટિફિક રિસર્ચમાં જોડાવવાનું આહવાન કર્યું હતું.

જીપીએસસીના મેમ્બર ડૉ. શ્રુતિ કીકાણીએ પ્રથમ ભારતીય મહિલા ચિકિત્સક ડૉ. આનંદી જોશી અને પ્રથમ ભારતીય મહિલા જેમણે વિજ્ઞાન ક્ષેત્રે પીએચડી મળવી હતી તેમની વાત કરતા ભારતમાં મહિલા સશકિતકરણ વાસ્તવિકતા હોવાનું જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે હવે મહિલાઓ વિજ્ઞાન ક્ષેત્રે પણ ભાગ લઈ શકે છે જેમાંથી યુવા વિજ્ઞાનીઓએ પ્રેરણા લેવી જોઈએ. ડૉ. કીકાણીએ આર્યભટ્ટની શૂન્યની શોધથી શરૂ કરીને ઈ.પૂ. ૮૦૦માં બોધયાનના ત્રિકોણ ખૂણાની વાતને પાયથાગોરસે સંપાદન કરી લઈ લીધાની વાત કરવા સાથે શિક્ષણમાં સંશોધન પર ભાર મુકયો હતો. આ સાથે તેમણે ટેકનોલોજીકલ સંશોધન માત્ર વ્યવસાયિકો માટે જ નહી પરંતુ ગરીબ ખેડૂતો માટે પણ ફાયદાકારક હોવા જોઈએ તેવી ટકોર કરી હતી. તેમણે વૈદિક પરંપરામાં વિજ્ઞાન અને આધ્યાત્મિકતામાં અદભૂત તાલ હોવાની વાત કરતા વડસાવિત્રીની પૂજાને કારણે ઝાડ કપાતા બંધ થયા હતા તેવું ઉદાહરણ આપ્યું હતું.

## ગાંધીનગર સાહિત્યસભાના વાર્ષિકોત્સવમાં બાળ સાહિત્ય વિશે પરિસંવાદ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર સાહિત્યસભા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુકત ઉપક્રમે બાળસાહિત્યની આજ અને આવતીકાલ વિશે પરિસંવાદ આયોજિત કરવામાં આવ્યો છે.

બ્રહ્માણી કૃપા હોલ, કડી કેમ્પસ, સે-૨૩ ખાતે રવિવાર દિનાંક ૧૬ ફેબ્રુઆરી સવારે દસ વાગ્યાથી આ કાર્યક્રમ શરૂ થશે.

આ પરિસંવાદમાં બાળ સાહિત્યના શ્રેષ્ઠ સર્જક સાહિત્યકાર એવા યશવંત મહેતા, યોસેફ મેકવાન,





રવજીભાઈ ગાબાણી અને નટવર પટેલ દલપતરામનું બાળ સાહિત્ય, એકવીસમી સદીમાં બાળ કાવ્યો, બાળકોને કેવું બાળ સાહિત્ય ગમે અને બાળ સાહિત્યમાં નાટકો જેવા વિષય પર પરિસંવાદ યોજાશે.

ગાંધીનગર સાહિત્યસભાના સભ્યો અને ગુજરાતી સાહિત્ય પ્રેમીઓને આ પરિસંવાદમાં હાજર રહેવા ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતે આમંત્રણ પાઠવ્યું છે. વિશેષ એટલે આ પ્રસંગે નટવર હેડાઉ અને ભીખુ કવિના પુસ્તકોનું લોકાર્પણ થવાનું છે.








સહજાનંદ સ્કુલ ઓફ એચિવર-ચિલોડા ખાતે એક દિવસ ગુજરાતી મીડીયમ અને એક દિવસ અંગેજી મીડીયમ એમ ૨ દિવસ “Sprots Day” ની ઉજવણી કરવામાં આવી. આ દિવસે વિદ્યાર્થીઓ એ ખુબ જ ઉત્સાહ પૂર્વક રમતોમાં ભાગ લીધો હતો. આ રમતોમાં લેઝીયમ, ડમ્બેલ્સ અને પીરામીડ જેવી રમતો પ્રદર્શિત કરી હતી. વિજેતા થયેલ વિદ્યાર્થીઓને મેડલ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. રમતગમત દિવસનું વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહ, ઉત્સાહ અને ઉમંગભેર વાતાવરણ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

દરેક નિર્ણય વ્યકિતનો નથી હોતો, અમુક નિર્ણય પરિસ્થિતિનો પણ હોય છે.

## જન્મદિને વધામણી



પ્રમોદભાઈ કપાસી



વીરેન્દ્ર ઓઝા
એરિયા મેનેજર
સારાભાઈ કેમિકલ
મો. ૯૮૨૪૦ ૯૬૨૯૩



હેત જિજ્ઞેશભાઈ પ્રજાપતિ
મો. ૯૯૬૨૦ ૪૧૯૮૫



નવ્યા
જીતેન્દ્રકુમાર ઘરવાડીયા



પ્રિયલ રવિન્દ્રકુમાર પટેલ

## દહેગામ તાલુકામાં ૧૨૨ લાભાર્થીઓને ચોખાનુ વિતરણ


ચિલોડા, તા. ૧૨


શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ૧૦-૨-૨૦ના દિવસે દહેગામ તાલુકાના દેવકરણ મુવાડામાં ૧૧૬ નિરાધાર




લાભાર્થીઓને ૩ કિ.ગ્રા. ચોખાનું વિતરણ કર્યુ હતુ. ભાટાઈમાં ૬ લાભાર્થી હતા. ત્યાર પછી ભાટાઈ પ્રા.શા. વાસણાની મુવાડી, દેવકરણ પગાર શાખાના તમામ બાળકરોને ડૉ. ચીતાણીયા તથા ડૉ. બોઘાણીએ તપાસી યોગ્ય દવા આપી હતી. કલ્પતરૂ દ્વારા આ કાર્યક્રમ પ્રાયોજીત હતો. સંસ્થાના મિલિંદભાઈ તથા યોગેશભાઈ સમગ્ર દિવસ સાથે હતા.

# ગુજકોસ્ટે યુવાનોમાં સંશોધન વૃત્તિ અને બુદ્ધિમત્તા વધારવા રોબોફેસ્ટ - ગુજરાતનું આયોજન









ગાંધીનગર, તા.૧૩

ગુજરાતના વિદ્યાર્થીઓ હવે પ્રૂફ ઓફ કોન્સ્પેટની સાથે અલગ જાતના રોબોટની ડિઝાઈન અને પ્રોટોટાઈપ બનાવવા અને આવનારી પેઢીને રોબોટિકસ દ્વારા પ્રેરિત કરવા આગળ વધી રહ્યા છે.

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલૉજી(ગુજકોસ્ટ) દ્વારા આયોજિત રોબોફેસ્ટ – ગુજરાતના પ્રોગ્રામ અંતર્ગત ૧૩ સંસ્થાના ૭૦થી વધુ યુવા ઈજનેરો રોજિંદી દિનચર્યામાં માનવોને મદદ કરી શકે તેવા ચોક્કસ પ્રકારના રોબોટની ડિઝાઈનના પ્રૂફ ઓફ કોન્સેપ્ટના આધાર પર તેમની પસંદગી કરવામાં આવી હતી.

ડિપાર્ટમેંટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલૉજી,ગવર્નમેંટ ઓફ ગુજરાત હેઠળ ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલૉજી(ગુજકોસ્ટ) રાજ્યની સાયન્સ, ટેકનોલૉજી અને ઈનોવેશન (એસટીઆઇ) યોજનાનો અમલ એસ. એન્ડ ટી.ના ક્ષેત્રે અને રાજ્ય અને દેશના આગળ વધતાં વિસ્તારોમાં રિસર્ચ અને ડેવલોપમેન્ટની પ્રવૃતિને મદદ કરીને કરે છે.

હાલના ટ્રેન્ડને જોતાં, ગુજકોસ્ટે વિદ્યાર્થીઓએ દ્વારા બાનવવા માટે આ નવ પ્રકારના રોબોટ્સ ઓળખવ્યા છે જેમાં ફોર લેગ રોબોટ વિથ ક્વોડ્રાપેડલ મોશન, ચેસ પ્લેઈંગ રોબોટ, અંડરવોટર કે સબમરીન રોબોટ, ટેબલ ટેનિસ રોબોટ, રોબોટ પ્લેઈંગ મ્યુઝીકલ ઈન્સ્ટ્રુમેન્ટ, રોવર્સ ( આઠ પૈડાં, કેમેરા સહિત,૩ થી ૪ ફૂટના, ઓટો મેમરી/ જીપીએસ ગાઈડ), પ્રોસ્થેટિક લીંબ્સ, પેઈન્ટિંગ રોબોટ અને રોબો એકસકાવેટોરનો સમાવેશ કરાયો હતો.

રોબોફેસ્ટ ગુજરાતમાં ત્રણ તબકકાની સ્પર્ધાઓ છે. જેમાં આઈડીએશન, પ્રૂફ ઓફ કોન્સેપ્ટ અને પ્રોટો-ટાઈપ ડેવલોપમેન્ટ. પહેલા તબ્બકામાં ગુજકોસ્ટને રાજ્યભરમાથી ૧૩૫ વિદ્યાર્થીની ટીમો તરફથી ૧૩૫ આઈડિયા મળ્યા છે. તજજ્ઞોનો મત લઈને, ૧૯ ટીમની પસંદગી તેમના ઉપરની સાત કેટેગરીમાં ક્રિએટિવ આઈડિયા માટે કરવામા આવી છે અને દરેક ટીમને ઍવોર્ડ અને ૫૦૦૦૦ રૂપિયા રોકડા આપવામાં આવ્યા હતા.

બીજા તબ્બકામાં ત્રણ મહિનાની અંદર પસંદ પામેલી ૧૯ ટીમે ઊંડાણ પૂર્વક કામ કરી એન તેમના પ્રૂફ ઓફ કોન્સેપ્ટ જમા કરાવ્યુ. જમા કરવેલા પ્રૂફ ઓફ કોન્સેપ્ટ ચકાસવામાં આવ્યા અને તજજ્ઞો દ્વારા માપવામાં આવ્યા, ત્યારબાદ તેઓએ સાત કેટેગરી ૧૪ ટીમની ભલામણ કરી હતી. દરેક ટીમને હવે તેમની રોબોટ કેટેગરી મુજબ ૧ લાખ થી ૨ લાખ સુધીનું રોકડ ઈનામ આપવામાં આવશે. આ તબબકનું કુલ રોકડ ઈનામ ૨૦ લાખ જેટલું છે.